ઔષધિય વનસ્પતિ બોર્ડના પ્રયાસોથી વનવાસીઓ માટે સફેદ મુસળી હિતવર્ક બની

સફેદ મુસળીની ખેતી માટે વિવિધ યોજના થકી ૨.૦૩ કરોડની આવક રળી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર ખાતેથી કાર્યરત ગુજરાત ઔષધિય વનસ્પતિ બોર્ડ દ્વારા આયુર્વેદિક રીતે ઉપયોગી અને ઝડપથી લુપ્ત થઈ રહેલી વનસ્પતિ સફેદ મુસળીના સંવર્ધન અને સંરક્ષણ હેતુસર રાજ્યના વનવાસીઓને તેની ખેતી કરવા માટે વિવિધ સહાય આપી પ્રોત્સાહિત કરવાનો [illegible] આર્થિક ઉપાર્જન કરી શકે તે માટે મ[illegible] પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ [illegible] ગુજરાતના ૬૧૪ જેટલાં ખેડૂતોએ ૧[illegible] સફેદ મુસળીનું ઉત્પાદન કરીને ૨.૦[illegible] આવક મેળવી છે.

વનવાસી વિસ્તારમાં વનવા[illegible] આર્થિક લાભદાયી રોકડીયો પાક. શ[illegible] મુસળી ડુંગરી કુળનો નાનો છોડ છે[illegible] છાલ કાઢ્યા બાદ રહેતાં સફેદ ભાગ[illegible] છે. આયુવેદમાં સફેદ મુસળી[illegible] વાજીકરણ, પુરૂષત્વવર્ધક દવાઓ[illegible] આવેલ છે. ડુંગરાળ નિતારવાળા [illegible] સફેદ મુસળીની વિશ્વકક્ષાએ અ[illegible] ડીમાન્ડ ૩૦૦ થી ૭૦૦ ટન જેટ[illegible] પ્રતિદિન તેની માંગ વધી રહી છે [illegible] તેના ભાવ પણ વધી રહ્યા છે.

સફેદ મુસળી મોટાભાગે [illegible] વિસ્તારોમાં કુદરતી રીતે ઉગેલ હોય[illegible] આવે છે. તેના મુળ/કંદ ઉપયોગમાં[illegible] તેના છોડને જમીનમાંથી પુરેપુરો ઉપાડી લેવામાં આવે છે. ખાસ કરીને તેના બીજ આવે તે પહેલાં તેને દૂર કરવામાં આવતી હોઈ તેનો ફરીથી કુદરતી ઉગાવો શક્ય બનતો નથી. પરિણામે આ વનસ્પતિ જંગલોમાં હવે ખુબ જ ચિંતાજનક રીતે ઘટી જવા પામ છે ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર અને નેશનલ રીસોર્સાસી (આઈ.યુ.સૌ.એન.) દ્વારા વર્ષે ૨૦૧૫ની રેડ ડેટા બુકની યાદોમાં સફેદ મુસળીને ક્રીટીકલી એન્ડેન્જરેની વનસ્પતિની યાદીમાં એટલે કે તે લુપ્ત થવાના ભય હેઠળ મુકવામાં આવી છે.

ગુજરાત ઔષધીય વનસ્પતિ બોડ, ગાંધીનગર દ્વારા વનવાસીઓને સ્થાનિક આવકના સ્ત્રોતો ઉભા કરી શકાય અને લુપ્ત થવાની સ્થિતિમાં મુકાયેલ સફેદ મુસળીનું સંવધન અને સંરક્ષણ મળે તે હેતુને ધ્યાનમાં લઈ કલસ્ટર કલ્ટીવેશન યોજના હેઠળ આદિવાસી ખેડૂતોને કેન્દ્ર સરકારની યોજના હેઠળ ૩૦ ટકા સહાય મુજબ પ્રતિ હેકટરે [illegible] કાલમેઘ, તુલસી, બ્રાહ્મી, અસાળીયો માટે પણ ભારત સરકારની જોગવાઈ મુજબની ૩૦ ટકા, ૫૦ ટકા, ૭૫ ટકા સુધીની સહાય આપવામાં આવે છે. ઔષધીય વનસ્પતિ ઉછેર કરનાર ખેડૂતો આ મુજબ વાવેતર ખર્ચમાં સહાય મેળવવા ઉપરાંત પોતાની રીતે ઔષધીય ઉત્પાદનો સીધા જ વેચી શકે છે. આ માટે બોડે વાવેતરથી લઈ વેચાણ સુધીના જરૂરી તમામ કક્ષાનું તાંત્રિક માર્ગદર્શન પણ આપે છે.

આગામી વર્ષે ૧૬ જેટલી ઔષધીય વનસ્પતિઓનું કલસ્ટર કલ્ટીવેશન કરાવવાનું ગુજરાત ઔષધીય વનસ્પતિ બોડે દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

દૂધસાગર ડેરીની ચૂંટણીમાં પરિવર્તનનો પવન ફૂંકાયો

મહેસાણા, ૫

મહેસાણા દૂધસાગર ડેરીના નિયામક મંડળની આજે યોજાયેલી ચૂંટણીમાં મતદાન બાદ હાથ ધરવામાં આવેલી મતગણતરીના પરિણામો જાહેર થતાં જેલવાસ ભોગવી રહેલા વિપુલ ચૌધરીની પેનલના સૂપડા સાફ થયા હતા. ભાજપ સમર્પિત અશોક ચૌધરીની પરિવર્તન પેનલને ૧૫ બેઠકોમાંથી ૧૩ બેઠકો પર જીત મેળવી હતી. શાનદાર જીત બાદ તેમના સમર્થકોએ આતશબાજી કરીને વિજ્યોત્સવ મનાવ્યો હતો.

એશિયાની મોટી ગણાતી દૂધસાગર ડેરીની આજે ચૂંટણી યોજાઈ હતી. દૂધ મંડળી અને દૂધના જથ્થા વિભાગની કુલ ૧૫ બેઠકો માટે મહેસાણાની વર્ધમાન હાઈસ્કૂલમાં બનાવેલ મતદાન મથકમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ મતદાન થયું હતું. સાંજે પાંચ વાગે શાંતિપૂર્ણ રીતે મતદાન પૂર્ણ થયા બાદ આ સ્થળે જ ચૂંટણી અધિકારી સી. સી. પટોલની હાજરીમાં મતગણતરી શરૂ કરવામાં આવી હતી. અત્યંત ઉત્તેજનાપૂર્ણ માહોલ વચ્ચે એક પછી એક બેઠકના પરિણામો જાહેર થયા હતા. જેમાં દૂધસાગર ડેરીના ચેરમેન પદના પ્રબળ દાવેદાર ગણાતા અશોક ચૌધરી મહેતલપુરા બેઠક પરથી વિજેતા થયા હતા.

જ્યારે તેમના પ્રતિસ્પર્ધી વિપુલ ચૌધરી ખેરાલુ બેઠક પરથી માત્ર બે મતોથી પરાજિત થયા હતા. મહેસાણા દૂધસાગર ડેરીના નિયામક મંડળની ૧૫ બેઠકો પૈકી ૧૩ બેઠકો પરિવર્તન પેનલના ફાળે આવી છે તેમજ વર્તમાન બોર્ડની વિકાસ પેનલને ફક્ત બે બેઠકો મળતાં તેમના સૂપડા સાફ થયા છે. પરિવર્તન પેનલના વિજેતા ઉમેદવારોમાં મહેસાણા બેઠક પર અશોક ચૌધરી, ચાણસમા બેઠક પર અમરત દેસાઈ, રમેશ દેસાઈ - પાટણ, જશીબેન દેસાઈ - કડી, રમીલા ઠાકોર - સિદ્ધપુર સહિતનો સમાવેશ થાય છે. નોંધપાત્ર છે કે કલોલ બેઠકની મતગણતરીમાં બંને પેનલના ઉમેદવારોને એક સરખા મત મળતાં ચીઠ્ઠી ઉછાળવામાં આવી હતી. જેમાં પરિવર્તન પેનલના ઉમેદવાર જીત્યા હતા. એક માત્ર વિજાપુરની બે બેઠકો પર વિકાસ પેનલનો વિજય થયો હતો. ડેરીની ચૂંટણીના પરિણામો જાહેર થતાં પરિવર્તનનો પવન ફુંકાયો છે અને ડેરીના ચેરમેન પદે અશોક ચૌધરી બિરાજમાન થાય તેવા સંકેતો મળી રહ્યા છે.

રાજ્યમાં દિવસેને દિવસે કોરોનાના કેસમાં ઘટાડો : નવા ૬૫૫ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૪ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૯૯૦૬૬૯૮ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૩૫૪૨૬ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૫

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૭૦૦ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૬૫૫ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૮૬૮ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨૩૫૪૨૬ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૪.૭૧ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૪૮૦૩૯ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૩૯.૦૬ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯૯૦૬૬૯૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૦૨૬૫૦ લોકોને ક્વોરન્ટાઈન કરાયા છે. જે પૈકી ૫૦૨૫૩૦ લોકોને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

જ્યારે ૧૨૦ લોકોને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૮૮૩૦ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૫૯ છે. જ્યારે ૮૭૭૧ લોકો સ્ટેબલ છે. ૨૩૫૪૨૬ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૨૫ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૪ લોકોનાં મોત થયા છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૨ અને અમરેલી ૧, સુરત કોર્પોરેશન ૧ દર્દી સહિત કુલ ૪ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

છેલ્લે... છેલ્લે...

- દેશમાં કોરોનાના નવા સ્ટ્રેનના કુલ ૭૧ કેસ નોંધાયા.
- દેશમાં વેક્સિનના ૩૦ દાવેદાર છે : સ્વાસ્થ્યમંત્રી
- મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે ૧૦મીએ ગુજરાતી સમાજને સંબોધન કરશે.
- મહારાષ્ટ્રની નાસિકમાં શાળા ખુલતા જ કોરોના વિસ્ફોટ એક સાથે ૬૨ શિક્ષકો કોરોના પોઝીટીવ.
- ટોલીવુડ અભિનેત્રી શ્વેતાકુમારની ધરપકડ.
- સ્કોટલેન્ડ સરકારે તાત્કાલિક અસરથી સંપૂર્ણ લોકડાઉન જાહેર કર્યુ.
- કોરોના બાદ બર્ડફ્લુ ફેલાયો. હિમાચલ, મધ્યપ્રદેશ અને કેરાલામાં બર્ડ ફ્લુની વ્યાપક અસર.
- કાશ્મીરમાં હિમવર્ષાને કારણે ૩૦૦ કિ.મી. લાંબો જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ સતત ત્રીજા દિવસે બંધ રહ્યો.
- ૨૯ જાન્યુઆરીથી સંસદનુ બજેટ સત્ર શરૂ થશે. ૧લી ફેબ્રુઆરીએ કેન્દ્રિય અંદાજપત્ર રજૂ થશે.
- શિવસેના પશ્ચિમ બંગાળમાં ૧૦૦ બેઠકો પર ચૂંટણી લડશે.

કોરોનાના કપરા કાળમાં શાળાઓ બંધ પણ વિદ્યાર્થીઓ એકમ કસોટીમાં વ્યસ્ત

છેલ્લા ૧૦ મહીનાથી શાળાઓ બંધ છે ત્યારે એકમ કસોટીના આયોજન માટે વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર પહોંચતા કરાયા

ગાંધીનગર તા ૪

રાજયમાં કોરોનાના કપરા કાળ વચ્ચે શાળાઓ બંધ છે. ત્યારે વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તે માટે ઓનલાઈન શૈક્ષણિક કામગીરી ચાલી રહી છે. છેલ્લા ઘણાં મહીનાઓથી વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ લઈ રહ્યા છે. ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા પણ વિદ્યાર્થીઓને અનુલક્ષી સમયાંતરે એકમ કસોટીનુ આયોજન કરવામાં આવે છે. હાલ શાળાઓ બંધ છે પરંતુ જિલ્લાની ૩૫૦ શાળાના વિદ્યાર્થીઓ એકમ કસોટી આપી રહ્યા છે.

શહેરમાં કોરોના કાળમાં છેલ્લા ૧૦ મહીનાથી શાળા કોલેજો બંધ છે. શૈક્ષણિક કામગીરી ઓનલાઈન ચાલી રહી છે. જયારે શાળાઓમાં વિદ્યાર્થીઓની અવરજવર બંધ હોવાથી પ્રત્યક્ષ શિક્ષણ આપવાની પ્રક્રીયા પણ બંધ છે. કોરોનાના કપરા સમયમાં કે જી થી પી જી બધુ ઓનલાઈન શિક્ષણના સહારે ચાલી રહ્યુ છે. ત્યારે કોરોના દરમિયાન શાળાઓ બંધ છે ત્યારે વિદ્યાર્થીઓમાંથી સ્પર્ધાત્મક અભિગમ ભુંસાઈ ન જાય તેમજ અભ્યાસક્રમની તૈયારી માટે વિશેષ સજાગ રહે તેવા આશયથી ધો -૯ થી ૧૨ માં એકમ કસોટીનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. હાલ એકમ કસોટીનો પ્રારંભ થઈ ગયો છે. વિદ્યાર્થીઓ ઘરે બેઠા વાલીઓની હાજરીમાં પરીક્ષા આપી શકે તે મુજબનુ આયોજન કરાયુ છે. આ માટે વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રો પણ પહોંચતા કરી દેવાયા છે. પરીક્ષાના અંતે ઉત્તરવહી પણ શાળાકક્ષાએ જમા કરાવી દેવા સુચના આપવામાં આવી છે. જિલ્લાની અંદાજિત ૩૫૦ શાળાઓના વિદ્યાર્થીઓ એકમ કસોટીમાં જોડાયા છે. કોરોનાની કપરી સ્થિતિ વચ્ચે શાળાઓ ક્યારથી શરૂ થશે તે મુદ્દો હજુ અનિર્ણિત છે. ત્યારે હાલ વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણના સથવારે એકમ કસોટીમાં જોડાયા છે.

ભિલોડાના નાંદોજ ટાડામાંથી ફરાર કેદી પકડાયો

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા એલસીબી ધ્વારા બાતમીને આધારે મંગળવારે અરવલ્લી જિલ્લાના ભિલાડા તાલુકાના નાંદોજટાડા ગામેથી એક પાકાકામના કેદી કે જેઓ ફરાર થઈ ગયા હતા તેમને ઝડપી લઈ હિંમતનગર સબજેલમાં મોકલી અપાયા છે.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આડાહાથરોલ ગામે બનેલી એક ઘટનામાં ભિલોડા તાલુકાના નાંદોજટાડા ગામના સવાભાઈ હિરાભાઈ ભરવાડ સંડોવાયેલા હોવાથી તત્કાલિન સમયે પોલીસે તેમને દોષિત ગણી કોર્ટના ચુકાદાને આધારે હિંમતનગર સબજેલમાં મોકલી આપ્યા હતા.

જયા પાકાકામના કેદીની સજા દરમિયાન વચગાળાના જામીન દરમિયાન સવાભાઈ ભરવાડ નાસતા ફરતા હતા. જેથી એલસીબીએ તેમને નાંદોજટાડા ગામેથી ઝડપી લઈ કોવિડ ટેસ્ટ કરાવ્યા બાદ હિંમતનગર સબજેલમાં મોકલી આપ્યા હતાં.

પ્રાથમિક શાળાઓના વાર્ષિક સોશિયલ ઓડિટ આયોજન બેઠક યોજાઈ

શહેરા તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓમાં વાર્ષિક સોસિયલ ઓડિટ કરવા માટે સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા સૂચના થઈ આવેલ છે. જે અન્વયે બી.આર.સી. કો.ઓર્ડીનેટર શહેરા ડૉ. કલ્પેશ આર. પરમારના માર્ગદર્શન હેઠળ તાલુકાની તમામ શાળાઓમાં સોસિયલ ઓડિટની કમિટી બનાવવામાં આવી છે. જેમાં આચાર્ય, શિક્ષક, એસ.એમ.સી. સભ્ય, એસ.એમ.સી. સભ્ય ન હોય તેવા જાગૃત વાલી, પંચાયત સભ્ય, વંચિત કે નબળા વર્ગના વાલી અને સી.આર.સી. કો.ઓર્ડીનેટર વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. કમિટીને ઓડિટ કરવા સંદર્ભે માર્ગદર્શન આપવા બી.આર.સી. ભવન શહેરા ખાતે ડૉ.કલ્પેશ આર. પરમારની અધ્યક્ષતામાં બેઠક કરવામાં આવી. આગામી દિવસોમાં તેની ઓનલાઈન તાલીમ શાળાકક્ષાએ જ કમિટીના સભ્યોને મળી રહે તેવું આયોજન કરવામાં આવશે. ત્યાર પછી જ સોસિયલ ઓડિટ શાળાકક્ષાએ કરવામાં આવશે. તાલીમ તજજ્ઞ તરીકે જયપાલસિંહ બારીઆ, ગોવિંદ મહેરા, ભુપેન્દ્રસિંહ સોલંકી, જીગ્નેશ પટેલ, શ્રવણ લબાના, જયેશ પરમાર, કનું રોહિત વગેરે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે તાલીમ આપશે. આયોજન બેઠક દરમિયાન કોવિડ-૧૯ની અદ્યતન ગાઈડલાઈનને અનુસરવામાં આવી હતી.

બાપલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટરની અનિયમિતાથી ગરીબ દર્દીઓમાં રોષની લાગણી

ધાનેરા તાલુકાના બાપલા ખાતે આવેલ પ્રા. આરોગ્ય કેન્દ્ર માં ડો. શ્રી આર. બી પાસવાન બાપલા ખાતે ફરજ બજાવતા હતાં ત્યારે અને તે પહેલા ના ડો. શ્રી ઓ ફરજ બજાવતા હતાં ત્યારે પ્રા. આરોગ્ય કેન્દ્ર માં દર્દીઓ બાપલા તેમજ આજુબાજુ ના ગામો જેવા કે વક્તાપુરા, રામપુરા, માંડલ, કુંડી, વાછોલ, બાંટ, બામણવાડા, માટાસન, જુંજાપુરા, ખાખરીયા, ધામસીન, ઘાનોલ, વાંકડિયા વડગામ, સુધી ના ગરીબ દર્દીઓમાં બાપલા પ્રા. આ. કેન્દ્ર આશીર્વાદ સમાન સાબિત થયુ હતું. અને તે સરકારી દવાખાના માં રોજિંદા ઓ. પી.ડી, નાના મોટા ઓપરેશન, ડીલેવરી, વગેરે રોગો ની સારવાર કરવામાં આવતાં દવાખાનું સવાર થી સાંજ સુધી ડો. શ્રી અને સ્ટાફ ની સરસ કામગીરી થી પ્રેણાયી દાતા દ્વારા પ્રા. આ. કેન્દ્ર માં વિવિધ સગવડ એક્સ રે, ડેલવરી રૂમ, ઓપરેશન થિયેટર, બેડ, બાટલા ચડાવવાના સ્ટેન્ડ, આરો વાળું શુદ્ધ પાણી, ડો, શ્રી અને ડીલેવરી રૂમ માં, એ. સી. ની સગવડ, સ્ટાફ અને ડો શ્રી ને રહેવા માટે રૂમ ની અને પાર્કિંગ ની વ્યવસ્થા કરવામાં આવી હતી.પરંતુ ડો. પાસવાન ની બદલી થયા પછી નવીન આવેલ ડો શ્રી અને સ્ટાફ ની અનિયમિતા થી ગરીબ દર્દીઓ અને દાતાઓ માં સરકાર શ્રી અને પ્રજા ના પ્રતિનિધિઓ સામે ભારે રોષની લાગણી અનુભવી રહ્યા છે. જેથી જિલ્લા કલેક્ટર શ્રી અને આરોગ્ય અધિકારી શ્રી તેમજ પ્રજા ના પ્રતિનિધિ ઓ રસ દાખવી કુશળ વહીવટ અને સેવાભાવી ડોક્ટર અને સ્ટાફ ની વરણી કરવા ઉપરોક્ત ગામો ની પ્રજા ની લોક માંગ છે.

ધાનેરા નગરપાલિકામાં ભાજપ દ્વારા મૂકવામાં આવેલા ભ્રષ્ટાચારના આક્ષેપો પાયા વિહોણા અને ખોટા છે : બળવંતભાઈ રાવ

ધાનેરા નગરપાલિકામાં સતા પક્ષ કોંગ્રેસના ૧૭ સભ્યોને ગાંધીનગર કમિશનરશ્રી દ્વારા સસ્પેન્ડ કરતાં નગરપાલિકાનો વહીવટ કાર્યકારી પ્રમુખ તરીકે ભાજપ પક્ષ ના સભ્ય જોસનાબેન ત્રિવેદીને ચાર્જ સોંપવામાં આવ્યો છે ત્યારે ભાજપ પક્ષ કાર્યકારી પ્રમુખ અને તેમના સભ્યો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે કે કોગ્રેસના શાસનમાં ૫૦ કરોડ ઉપરાંતનો ભ્રષ્ટાચાર કર્યો છે તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે ત્યારે આ આક્ષેપોનો જવાબ આપતાં ભુતપૂર્વ પ્રમુખશ્રી બળવંતભાઈ રાવ દ્વારા મિડીયા સમક્ષ જણાવ્યુ હતુ કે ભાજપના પ્રમુખે કરેલ ભ્રષ્ટાચાર વિશેના તમામ આક્ષેપો પાયાવિહોણા છે અને ભાજપને વિકાસના કોઈ કામો દેખાતા નથી અને શાસન કરતાં પણ આવડતું નથી ભાજપની રાજનીતિ તોડજોડની રહી છે અને ગમેતે પ્રકારે કોગ્રેસને અને કોંગ્રેસના સભ્યોને ખોટી રીતે બદનામ કરી રહ્યા છે જો ખરેખર કોગ્રેસના શાસનમાં થયેલ વિકાસના કામો જ દેખવા હોય તો ધાનેરાની પ્રજાને પુછો કે ભાજપના શાસન માં કયા કયા વિકાસના કામ થતા હતા અને કોંગ્રેસના શાસનમાં થયેલ વિકાસ નાં કામો તો જગજાહેર છે,

જ્યારથી કોગ્રેસના સભ્યોને ભ્રષ્ટાચારના મુદ્દે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે ત્યારથી ભાજપ પક્ષ મા કંઈક ને કંઈક રણનિતી ઘડવામાં આવી રહીછે .. તેવું ન.પા. કોંગ્રેસના પૂર્વે પ્રમુખે જણાવ્યું હતું.

માલણમાં ભાગીયા પરીવાર સૂતો રહ્યોને ચોર છાપરમાંથી દાગીના ઉઠાવી ગયા

પાલનપુર તાલુકાના માલણ ગામે એક ખેડૂતના ખેતરમાં ચોથા ભાગે ખેતી કરતા એક ભાગીયાના છાપરામાં તસ્કરો ત્રાટકયા હતા અને છાપરા માં લટકાવેલ થેલી માં રાખેલ રૂ ૬૪.૫૦૦ની કિંમત ના ચાંદી ના દાગીનાની તસ્કરી કરી રાત્રીના અંધારામાં છુંમંતર થઈ જતા ચકચાર મચી જવા પામી છે બનાવ અંગે ભાગીયાએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધવતા પોલીસે બનાવની તપાસ શરૂ કરી છે

પાલનપુર તાલુકાના માલણ ગામેં ફલજીભાઈ કાળુભાઈ ચૌધરીના ખેતર છાપરું બાંધી ને રહેતા તેમજ ચોથા ભાગે ખેતી કરતા મૂળ અમીરગઢ ના જાંબુપાણી ગામના ભાગીયા ભારથાભાઈ ચતરાભાઈ અંગારીનો પરીવાર ગત.તા.૧ જાન્યુઆરીની રાત્રે પોતાના છાપરામાં નિંદર માણી રહ્યો હતો દરમ્યાન રાત્રીના સમયે કળકડતી ઠંન્ડી નો લાભ ઉઠાવી ને અજાણ્યા તસ્કરો છાપરામાં ત્રાટકયા હતા અને છાપરા માં રહેલ રૂ.૬૪.૫૦૦ની કિંમતના ૧.૪૦૦.કિલોગ્રામ ચાંદીના દાગીના ભરેલ થેલી ની ઉઠાંતરી કરી ને ભાગી છૂટયા હતા જોકે તસ્કરો આ થેલીમાં રહેલ ચાંદીના કડા,આંસડી, ચેઈનની ઉઠાંતરી ખાલી થેલી ખેતર માં ફેંકી દીધી હતી જોકે બીજા દિવસે સવારે છાપરા માં ચાંદીના દાગીના ભરેલી થેલી જોવા ન મળતા તેમજ દાગીના ભરેલી ખાલી થેલી ખેતરમાંથી મળી આવતા દાગીનાની ચોરી થઈ હોવાનું માલુમ પડતા ખેત મજુર ભારથાભાઈએ ચોરી અંગે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવતા પોલીસે બનાવની તપાસ હાથ ધરી છે

વેક્સિનેશન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું હતું કે, હેલ્થવર્કર્સ અને અન્ય ફ્રન્ટલાઈન વર્કસને કોરોના વેક્સિન માટે કો-વિન પર રજીસ્ટ્રેશનની જરૂરિયાત નહીં રહે. અન્ય લોકોને રજીસ્ટ્રેશનની જરૂરિયાત રહેશે. કો-વિન સિસ્ટમ ભારતમાં બની છે, પરંતુ દુનિયાના દેશોની જરૂરિયાતના હિસાબથી એને તૈયાર કરવામાં આવી છે. અન્ય દેશો પણ જો તેનો ઉપયોગ કરશે તો તેમને મદદ કરવામાં આવશે. દેશના ૫ રાજ્યોમાં ડ્રાઈરન સફળ રહ્યો છે.

તેમણે કહ્યું હતુ કે, રસીકરણ બાદ કોઈ પણ પ્રકારની સમસ્યા થવા પર તેનું નિદાન કરવામાં આવશે. ડિજીટલ માધ્યમથી જ વેક્સિનના પહેલો અને બીજો ડોઝ આપવાની તારીખ આપવામાં આવશે. ડિજીટલ હેલ્થ મિશન અંતર્ગત યુનિક હેલ્થ આઈડી પણ બનાવી શકાય છે. એક વેક્સિનેશન ટીમમાં ૫ લોકો હશે. વેક્સિન જ્યાં રખાઈ છે ત્યાં તાપમાન માપવામાં આવશે. ડ્રાય રન માટે ૧૨૫ જિલ્લામાં ૨૮૬ સેશંસ સાઈટ્સ તૈયાર કરી છે. છેલ્લો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવી શકે છે.

'લીલીઝંડી'

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કરવામાં આવશે. હાલનું સંસદ ભવન ૧૯૨૭માં બનાવામાં આવ્યું હતું જેનો ઉદ્દેશ્ય વિધાન પરિષદ ભવનના નિર્માણનો હતો ન કે બે સદનનો હતો. પરંતુ જ્યારે લોકસભા અને રાજ્યસભાનું સંયુક્ત સત્ર આયોજિત કરવામાં આવે છે ત્યારે સાંસદો પ્લાસ્ટીકની ખુરશી પર બેસે છે. જેનાથી સંસદની ગરીમા જળવાતી નથી.

આપને જણાવી દઈએ કે પીએમ નરેન્દ્ર મોદી એ ૧૦ ડિસેમ્બરના રોજ નવા સંસદ ભવનની બિલ્ડિંગનો શિલાન્યા કર્યો હતો. ૭ ડિસેમ્બરના રોજ પાછલી સુનવણીમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તેને શિલાન્યાસ કરવા પર કોઈ આપત્તિ નથી પરંતુ સુપ્રીમ કોર્ટના નિર્ણય આવવા સુધી કોઈ બાંધકામ, તોડફોડ કે વૃક્ષ પાડવાનું કામ ના થાય.

૨૦ કેસ નોંધાયા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિદ્યાર્થી, સ્ટેનો, ડે.એસ.ઓ., વેબ ડેવલપમેન્ટનું કામ કરતો કર્મયોગીનો સમાવેશ થાય છે. આજે સે. ૨૨ અને ૫ માંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત સે. ૪, ૭, ૧૪, ૧૫, ૧૯, ૨૭ માંથી કેસ મળી આવેલ છે. આજે શહેરમાં વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૯૦ જેટલા કેસો એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જેમાં ૭૫ થી વધુ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

રેકોર્ડ સ્તરે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મળી રહી છે તે આ રીતે ચાલુ રહી તો સેન્સેક્સ ૫૦ હજારના સ્તરને પણ સ્પર્શી જાય તો નવાઈ નહીં. સવારે ભારતીય શેર બજારમાં નબળા વૈશ્વિક સંકેતોની અસર જોવા મળી હતી. પરંતુ, સારી ખરીદીથી બજાર તેમાંથી બહાર આવવામાં સફળ રહ્યું. અમેરિકામાં જ્યોર્જિયામાં ચૂંટણીના પરિણામોને લઈને મૂઝવણની સ્થિતિ છે.

થરાદના રાહ ગામે આધેડને પાઈપ ફટકારી, ગામના ઈસમ વિરુદ્ધ ગુનો દાખલ

થરાદ પંથકમાં નજીવી બાબતે આધેડને એક ઈસમે માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. ગઈકાલે આધેડ પોતાના પરિવાર સાથે ગામના બસ સ્ટેશન નજીક પોતાની ચાની કીટલી પાસે પુત્ર-પુત્રી સાથે ઉભા હતા. આ દરમ્યાન ગામના એક ઈસમે આવીને કહેલ કે, તુ મારી સમાજમાં કેમ ખોટી વાતો કરે છે. તેમ કહી ગાળાગાળી કરી લોખંડની પાઈપ પગે મારતાં ફરીયાદી નીચે પડી ગયા હતા. જે બાદમાં તેમના દીકરો અને દીકરી વચ્ચે પડતાં આરોપીએ જતાં જતાં કહેલ કે, હવે પછી મારી સમાજમાં કોઈ ખોટી વાત કરીશ તો જાનથી મારી નાંખીશ. જેને લઈ ફરીયાદીએ આરોપી ઈસમ સામે થરાદ પોલીસ મથકે ગુનો દાખલ કરાવ્યો છે. થરાદ તાલુકાના રાહ ગામે આધેડને ગામના જ ઈસમે સામાન્ય બાબતે માર માર્યો હોવાની ફરીયાદ નોંધાઈ છે. રાહ ગામના નેમાજી પ્રજાપતિ ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.